# ક્રાઈસ્ટ કોલેજ આયોજીત 'સાયન્સ એક્સ્પો'ની ૪૦૦૦થી વધુ લોકોએ લીધી મુલાકાત

## એક્સ્પોમાં ઈસરો અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના સાયન્ટિસ્ટ ડો.વિશાલ જોશી તથા 'અબતક'ના મેનેજીંગ તંત્રી સતીષકુમાર મહેતા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા





તસવીરઃ દિપેશ ગરોધરા

આ સાયન્સ એક્સ્પોને ઈસરો અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના સાયન્ટિસ્ટ ડો.વિશાલ જોષીએ વધુ સફળ બનાવ્યો હતો. જેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ડો.પાર્થરાજસિંહ ગોહિલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ મેગા ઈવેન્ટમાં વિવિધ શાળા

(અનુ. આઠમા પાને)

**અબતક, રાજકોટ**

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ ખાતે સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે ભવ્ય સાયન્સ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્સ્પોમાં વિવિધ શાળાઓ અને કોલેજોના ૭૦૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમના વૈજ્ઞાનિક પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. ૪૦૦૦થી વધુ લોકોએ આ સાયન્સ એક્સ્પોની મુલાકાત લીધી હતી.









### સાયન્સ એક્ઝિબિશનમાં વિદ્યાર્થીઓનો અનેરો ઉત્સાહઃ ફાધર જોમન થોમના

ક્રાઈસ્ટ કોલેજના ડાયરેક્ટર જોમન થોમનાએ જણાવ્યું કે, ગુજરાત સાયન્સ એક્ઝિબિશન માં ગુજરાતના વિવિધ શાળા કોલેજના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં પ્રોજેક્ટ પ્રદર્શન કરતી વખતે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.સાયન્સ એક્ઝિબિશન જબ્બર પ્રતિસાદ મળ્યો છે.

### ભારતને નવા સાઈન્ટીસ્ટ આપવા તરફનું ઉત્તમ પગલુંઃ ડો.વિશાલ જોષી



ઈસરો તથા ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી અમદાવાદના એસ્ટ્રો ફિઝિક્સમાં સાયન્ટિસ્ટ ડો.વિશાલ જોષીએ જણાવ્યું કે, સાયન્સ એક્ઝિબિશનમાં વિદ્યાર્થીઓની વિચારશ્રેણી ખૂબ સારી રીતે તેમના બનાવેલા પ્રોજેક્ટ વડે જોવા મળી હતી. વિજ્ઞાન એક્ઝિબિશનના પ્લેટફોર્મ થી દેશને નવા સાઈન્ટીસ્ટ મળે એ તરફ ઉત્તમ પગલું છે. રાજકોટ અને સૌરાષ્ટ્રની ભૂમિ આવા પ્રયોગો વધુ કરતી રહે.વિદ્યાર્થીઓને આવા સાયન્સ એક્ઝિબિશન વધુ મળે અને વિદ્યાર્થીઓ વધારે પ્રોત્સાહિત થતા રહે.

### બાળકોના પ્રોજેક્ટ નિહાળી અભિભૂતઃ ડો.પાર્થરાજસિંહ ગોહિલ



રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચ ડીસીપી ડો.પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું કે, ક્રાઈસ્ટ કોલેજ સાયન્સ એક્ઝિબિશનમાં વિદ્યાર્થીઓ દ્વારા અદભુત પ્રોજેક્ટર નું પ્રદર્શન કરવામાં આવ્યું છે. બાળકોના પ્રોજેક્ટ નિહાળીને અભિભૂત થયો છું. બાળકોમાં રહેલી વિજ્ઞાન ક્ષેત્રની રુચિ તેમના પ્રોજેક્ટ વડે દર્શાવવામાં આવી આવા સાયન્સ એક્ઝિબિશન બાળકો માટે સારું પ્લેટફોર્મ પૂરું પાડે છે. વિજ્ઞાન મેળાથી દેશમાં યુવાનો અને બાળકોને વિજ્ઞાન ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહન મળે છે.

ઈસરો અને ફિઝિકલ રિસર્ચ લેબના વૈજ્ઞાનિક ડૉ.વિશાલ જોશીની વિશેષ ઉપસ્થિતિ 400 થી વધારે લોકોએ એક્સ્પોની મુલાકાત લીધી

# ક્રાઈસ્ટ કોલેજ આયોજિત ગ્રાન્ડ સાયન્સ એક્સ્પોમાં 704 વિદ્યાર્થીઓએ ભાગ લીધો






**હેડલાઇન, રાજકોટ**

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસમાં તાજેતરમાં સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે ભવ્ય સાયન્સ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્સ્પોમાં વિવિધ શાળાઓ અને કોલેજોના ૭૦૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમના વૈજ્ઞાનિક પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. ૪૦૦૦ થી વધુ લોકોએ આ સાયન્સ એક્સ્પોની મુલાકાત લીધી હતી.

આ સાયન્સ એક્સ્પોને ઈસરો અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના સાયન્ટિસ્ટ ડૉ.વિશાલ જોશીએ વધુ સફળ બનાવ્યો હતો, જેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રાજકોટ ક્રાઈમ બ્રાંચના ડીસીપી ડૉ.પાર્થરાજસિંહ ગોહિલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ મેગા ઈવેન્ટમાં વિવિધ શાળા અને કોલેજના આચાર્યો, રાજકોટ પંથકના અલગ અલગ ફાધર પણ ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ અતિથિ તરીકે લાગણીને માન આપી અને વિદ્યાર્થીઓને મળી તેમનો ઉત્સાહ વધારવા અબતક પેપર અને ચેનલના માલિક સતિષભાઈ મહેતા પણ આજે આ સાયન્સ એક્સ્પોમાં હાજર રહ્યા હતા.

આ એક્સ્પો દરમિયાન ભાગ લેનાર તમામ શાળા અને કોલેજોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ ડાયરેક્ટર ડૉ. ફાધર જોમોન થોમ્નાએ ગ્રાન્ડ એક્સ્પોના તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતાં.